सत्यमेव जयते

**–:અરજદાર લુહાર અઝહરુદ્દીન અનવરહુસેનનાઓની મુદામાલ પરત મેળવવાની આંક– ૦૧ ની અરજી લગત હુકમ:–**

**મોડાસા ટા. પો.સ્ટે.ગુ.ર.નં.:–૧૧૧૮૮૦૦૯૨૬૦૩૧૫/૨૦૨૬**

ક્રિ.પ.અરજી. નં.:–૩૨૩/૨૦૨૬

આંક:–

–:પક્ષકારો તરફે વિ. ધારાશાસ્ત્રી:–

અરજદાર તરફે વિ.ધારાશાસ્ત્રી શ્રી પી.આર.મકવાણા

સામાવાળા તરફે વિ.પ્રોસીકયુટર શ્રી આર.સી.સોલંકી

સાંભળ્યા, રેકર્ડ વંચાણે લીધુ.

(૧) હાલની અરજી અરજદારે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ અન્વયે પોતાની માલિકી/કબ્જા ભોગવટાનો મુદ્દામાલ ઓપો કંપનીનો મોબાઇલ જેનો આઇ.એમ.ઇ.આઇ. નં. ૮૬૫૮૬૫૦૬૪૭૨૧૩૩૫ તથા ૮૬૫૮૬૫૦૬૪૭૨૧૩૨૭, કે જે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.–૧૧૧૮૮૦૦૯૨૬૦૩૧૫/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ–૩૦૩(૨) મુજબના કામે મુદામાલ તરીકે કબજે કરાયેલ છે તે પરત મેળવવા સારુ દાખલ કરેલ છે.

(૨) **અરજદારના વિ.વ.શ્રી તરફે રજુઆત છે કે,** અરજદાર રોજીંદા કામમાં ઉપયોગ કરતા હતા અને સદર મોબાઇલ પોલીસ ધ્વારા મુદ્ધામાલ તરીકે કબ્જે લેવાયેલ છે. સદરહુ મુદ્ધમાલના પાર્ટ ખુબ જ મોંધા અને કિંમતી હોવાથી વધારે સમય પોલીસ સ્ટેશનમાં પડી રહે તો તે ખરાબ થવાની અથવા બગડી જવાની સંભાવના રહેલ છે. વધુમાં અરજદાર તરફે રજૂઆત છે કે, તેઓ સદર મુદામાલના કબ્જેદાર/માલીક હોઇ સદર મુદામાલ પરત આપવા માંગણી કરેલ છે.

(૩) અરજી અને આંક ૩ થી રજૂ થયેલ દસ્તાવેજી પુરાવામાં મોબાઇલ બીલની નકલ જોતા ઓપો કંપનીનો મોબાઇલ જેનો આઇ.એમ.ઇ.આઇ. નં. ૮૬૫૮૬૫૦૬૪૭૨૧૩૩૫ તથા ૮૬૫૮૬૫૦૬૪૭૨૧૩૨૭ મોબાઇલના માલીક તરીકે અઝરદુદીનભાઇ લુહાર વ્યક્તિનો હોવાનું જણાય આવે છે.

આ કામના ફરિયાદી કોર્ટ રૂબરૂ હાજર થઇ **આંક–૦૮**થી સદર મોબાઇલ અરજદારને પરત સોંપવામાં આવે તો આ કામના ફરિયાદી ભવિષ્યમાં કોઇ દિવાની કે ફોજદારી રાહે પરત મેળવવા અરજ કરીશુ નહી તેમ જણાવેલ છે.

આ કામે આરોપીનાઓને નોટીસ કાઢવામાં આવેલ અને તેઓ કોર્ટ રૂબરુ હાજર થઇ **આંક–૦૬**થી નો–કલેઇમ પુરસીસ આપી જણાવેલ છે કે, આ કામના અરજદારને મુદ્દામાલ પરત સોંપવામાં આવે તો અમો આરોપી ભવિષ્યમાં કોઇ દાવો કે ફોજદારી રાહે પરત મેળવવા કોઇ હકક કરીશું નહી'.

આ કામે પોલીસ અભિપ્રાય મંગાવવામાં આવેલ છે જેમાં મુદ્દામાલ અરજદારને પરત સોંપવા જણાવેલ છે. તેમજ વિ.એ.પી.પી.શ્રીએ અરજી ઉપર કરેલ શેરો વંચાણે લેતા જણાવેલ છે કે, 'ત.ક.અ.નો અભિપ્રાય તથા અરજી તથા સાધનિક દસ્તાવેજો ધ્યાને લેતા યોગ્ય ન્યાયી હુકમ થવા મે. થશે.'

(૪) મુદ્દામાલ મોબાઈલ અરજદારની માલીકીનો હોવા બાબતે અરજદાર તરફે સદરહુ મુદ્દામાલના મુદ્દામાલ અંગે થયેલ એફ.આઈ.આરની નકલ, મોબાઇલ પરચેઝના બીલની નકલ રજૂ થયેલ છે. રેકર્ડ ઉપર રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા સદર મોબાઈલ અરજદારના કબ્જા ભોગવટાનો હોવાનુ ફલીત થાચ છે. સદરહુ મુદ્દમાલના પાર્ટ ખુબજ મોંઘા અને કિંમતી હોવાથી વધારે સમય પોલીસ સ્ટેશનમાં પડી રહે તો તે ખરાબ થવાની અથવા બગડી જવાની સંભાવના રહેલ છે. આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલતે સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. ગુજરાત રાજ્યના કેસમાં આપેલ ચુકાદો કે જે. એ.આઈ.આર. ૨૦૦૩ એસ.સી. ૬૩૮ માં પ્રદર્શીત થયેલો છે, તેમાં ઠરાવ્યા પ્રમાણે મુદ્દામાલ અરજીનો નિકાલ

ત્વરીતપણે કરવો જોઈએ તે જરૂરી છે અને બને ત્યાં સુધી મુદ્ધામાલ લાંબો સમય બિન ઉપયોગી પડી રહેવાથી તેને નુકશાન થાય તેવુ હોય તો મુદ્ધામાલને કેસ પુરો ન થાય ત્યાં સુધી પોલીસ સ્ટેશનમાં અનામત રાખવાનો કોઈ અર્થ નથી અને યોગ્ય શરતોને આધીન મુદ્ધામાલના માલિકને મુદ્ધામાલ પરત કરવો જોઈએ. આમ, નામદાર સુપ્રિમ અદાલતે પ્રસ્થાપિત કરેલા સિદ્ધાંતને ધ્યાનમાં રાખી આ અરજીના તમામ કાગળો ધ્યાનમાં રાખી, રજુ થયેલ પોલીસ અભિપ્રાય તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૪૯૭ ની જોગવાઈઓ ધ્યાને રાખી યોગ્ય જામીન આપ્યેથી મુદ્ધામાલ મોબાઈલ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે તો તે વ્યાજબી, ન્યાયી અને ઉચિત જણાશે. જેથી નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુકમ ::-</u>**

(૧) અરજદારની અરજી નીચેની શરતોને આધીન ''અંશત:મંજૂર'' કરવામાં આવે છે.

(૨) અરજદારે મુદામાલ પાવતીની કિંમતના દોઢી રકમના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો કરી આપ્યેથી મુદામાલ ઓપો કંપનીનો મોબાઇલ જેનો આઇ.એમ.ઈ.આઈ. નં. ૮૬૫૮૬૫૦૬૪૭૨૧૩૩૫ તથા ૮૬૫૮૬૫૦૬૪૭૨૧૩૨૭, કે જે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.- ૧૧૧૮૮૦૦૯૨૬૦૩૧૫/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ-૩૦૩(૨) મુજબના કામે મુદામાલ તરીકે કબજે કરાયેલ છે તે સદરહું ગુના રજી. નંબરવાળા કેસના આખરી ચુકાદાને આધીન વચગાળાની કસ્ટડીએ અરજદારને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો :-</u>**

(૧) અરજદારે મુદામાલ મોબાઈલ નામદાર કોર્ટ જ્યારે અને જ્યાં ફરમાવે

ત્યારે અને ત્યાં રજૂ કરવાનો રહેશે.

(૨) અરજદારે મુદ્દામાલ મોબાઈલની સંભાળ લેવી અને તેના સ્વરૂપમાં કોઈ ફેરફાર કરવો નહી.

(૩) સદરહુ મોબાઈલનો ઉપયોગ ગુનાહિત કૃત્યમાં કરવો નહી.

(૫) બોન્ડ તથા જામીન પોલીસ સ્ટેશન સમક્ષ રજૂ કરવા.

(૬) હુકમ અનુસાર મુદ્દામાલ પરત સોંપતી વખતે જવાબદાર પોલીસ અધિકારીશ્રીએ સદરહું મુદ્દામાલ દેખાય તે રીતેના ચારે તરફના ફોટોગ્રાફસ અરજદારના ખર્ચે પડાવી હુકમ અનુસાર મુદ્દામાલ પરત સોંપવા અંગેનુ વિગતવારનું પંચનામુ કરી અરજદારની ઓળખાણની ખાતરી કરી તેની માલીકી અંગે ખરાઈ અને ખાતરી કર્યા બાદ જ પરત સોંપવો અને તેનો વિગતવારનો રિપોર્ટ અત્રેની કોર્ટને મુદ્દામાલ સોપ્યાના દિન–૧૫માં કરવો.

ઉપરોકત શરતોનું અરજદારે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને તે પૈકી કોઈ પણ શરતનો ભંગ થયેથી આ હુકમ આપોઆપ રદ થયેલો ગણાશે અને તપાસ કરનાર અમલદાર કે અધિકૃત પોલિસ અધિકારીએ તેનો તાત્કાલિક કબજો લેવાનો રહેશે.

હુકમની યાદી સંબંધીત પોલીસ સ્ટેશને કરવી.

ઉપરોકત હુકમ આજરોજ તા:૨૨મી, માહે:જુલાઇ, સને: ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| સ્થળ:મોડાસા | **(પુષ્પેન્દ્રસિંહ રાઠૌડ)** |
| તારીખ:૨૨/૦૭/૨૦૨૬ | **ચિફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, મોડાસા.** |
| S.J.RATHOD,PA | **કોડ નં.જી.જે.૦૧૧૩૪** |